# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૯ તા.૨૮-૦૨-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુક્તિથી ભરતી માટે ઓનલાઈન અરજી કરવા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક : એસએસ/QEM/(બી.યુ.સી.કો.ઓ.ભરતી)/૨૦૨૨/૭૨૩૬-૭૨૭૬ તા.૨૫-૦૨-૨૦૨૨

આથી મ્યુનિ શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની ખાલી જગ્યાઓ પ્રતિનિયુક્તિથી ભરવા માટે તા.૨૮-૦૨-૨૦૨૨ થી તા.૦૮-૦૩-૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે. ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા સમગ્ર શિક્ષાની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૮-૦૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

NIPUN BHARAT

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેકટર–૧૭, ગાંધીનગર**

**પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન**

---

**પત્રકમાંક : એસએસ/QEM/(બી.યુ.સી.કો.ઓ.ભરતી)/૨૦૨૨/ ૭૨૩૫-૭૨૯૫ તા. ૨૫ /૨/૨૦૨૨**

પ્રતિ

| | |
|---|---|
| જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને | એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને |
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, | શાસનાધિકારીશ્રી, |
| જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા, | પ્રાથમિક શિક્ષણ સમિતિ, |
| જિલ્લા : તમામ | અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ |

**વિષય : બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતથી ભરતી માટે ઓનલાઈન અરજી કરવા અંગેની જાણ શાળા મારફતે કરવા અંગે.**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની ખાલી જગ્યાઓ પ્રતિનિયુકિતથી ભરવા માટે સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો પાસેથી તા.૨૮.૦૨.૨૦૨૨ થી તા.૮.૩.૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન અરજીઓ મેળવવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ જાહેરાતના અનુસંધાને આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાના નિયત લાયકાત અને અનુભવ ધરાવતા પ્રાથમિક શિક્ષકો તથા જે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.નો ૫ વર્ષનો પ્રતિનિયુકિતનો સમયગાળો માર્ચ/એપ્રિલ–૨૦૨૨ માં પૂર્ણ થતો હોય તેઓ પણ અરજી કરી શકશે. તેને ધ્યાને લઈ, વધુમાં વધુ ઉમેદવારો ઓનલાઈન અરજી કરે તે હેતુસર આપની કક્ષાએથી સંબંધિત તમામને શાળા મારફતે જાણ કરવા જણાવવામાં આવે છે.

આ ઓનલાઈન જાહેરાત સંદર્ભે જિલ્લામાં ખાલી જગ્યાઓ ભરવા તથા (જે બીઆરસી/યુઆરસી/ સીઆરસી કો.ઓ.ને માર્ચ–૨૦૨૨માં પાંચ વર્ષ પૂર્ણ થનાર સહિત) ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે વેઈટીંગ લીસ્ટ બનાવવા ઉકત સમયગાળા દરમ્યાન મળેલ ઓનલાઈન અરજીના ઉમેદવાર માટે તા.૨.૨.૨૦૧૭ ના પત્રના નોર્મ્સ મુજબ ૧૦૦ ગુણની વિષયવસ્તુ આધારિત OMR Base લેખિત પરીક્ષાના માળખા મુજબ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની ભરતી માટેની લેખિત પરીક્ષા સંભવિત માર્ચ/એપ્રિલ –૨૦૨૨માં લેવાનું સંભવિત આયોજન કરવામાં આવેલ છે.

આ પરીક્ષા સંદર્ભે ઓનલાઈન અરજી કરવાના સમયે આ અંગેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે,જેમાં પરીક્ષાના વિષયવસ્તુની માહિતી આપવામાં આવેલ છે,જે મુજબ આ પરીક્ષા લેવાનાર છે જેની જાણ કરશો.

**સચિવ અને ઓઆઈસી કયુઈએમ**
**એસ.પી.ઓ., એસ.એસ.એ.**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :**

- માન.સચિવશ્રી,(પ્રા.શિ. અને મા.શિ.), બ્લોક નં.૫/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર
- માન.એસપીડીશ્રી, સદર કચેરી
- માન.એએસપીડીશ્રી, સદર કચેરી.

**નકલ સવિનય રવાના :**

- માન.અધ્યક્ષશ્રી, રાજયપરીક્ષા બોર્ડ,સેકટર–૨૧, ગાંધીનગર

૨) ઉકત પરીક્ષાનું સમગ્ર આયોજન કોવિડ–૧૯ની માર્ગદર્શક સૂચનાને અનુસરીને કરવા સારુ.